# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫ ૭૩૦૬૮ તા.૧૩/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

વિષયઃ- ગુજરાત પનોતાપુત્ર અને અખંડભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ૨ વર્ષ માટે ઉજવવા બાબત.
સંદર્ભઃ- કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃપરચ/માધ્યમિક/૨૦૨૫/૧૧૪૪૩-૪૮૧ તા.૧૦/૧૧/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત પનોતાપુત્ર અને અખંડભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ૨ વર્ષ ઉજવવાનું નક્કી કરેલ છે. ભાવિ પેઢીમાં વિચારોનું સ્થાપન થાય, તેમના કાર્યોથી અવગત થાય, તથા તેમના જીવનમાંથી પ્રેરણા લઇ "વિકસિત ભારત" ના સંકલ્પ સાથે રાષ્ટ્રસેવામાં જોડાય તે માટે જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક: ઘ/પરચ/માધ્યમિક/૨૦૨૫/ 11443-481
કમિશનરશ્રી શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનીત વનની સામે, સેક્ટર-૧૯,
ગુ.રા., ગાંધીનગર
તા. ૧૦/૧૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: ગુજરાતના પનોતાપુત્ર અને અખંડભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ૨ વર્ષ માટે ઉજવવા બાબત

સંદર્ભ: SYCAD/SMD/e-file/19/2025/1077/D, તા. ૨૯/૧૦/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાતના પનોતાપુત્ર અને અખંડભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ૨ વર્ષ માટે ઉજવવા માટે ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આપણી આજની પેઢીમાં સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના વિચારોનું સ્થાપન થાય, તેમના કાર્યોથી અવગત થાય, તથા તેમના જીવનમાંથી પ્રેરણા લઇ "વિકસિત ભારત"ના સંકલ્પ સાથે રાષ્ટ્રસેવામાં જોડાય તે માટે 'સરદાર ૧૫૦'ની ઉજવણી કરવા તથા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું નિર્ધારિત કરેલ છે.

તા.૧૫ નવેમ્બર ૨૦૨૫ થી તા.૨૨ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજ્યના તમામ જિલ્લામાં વિધાનસભા દીઠ એક પદયાત્રાનું આયોજન થનાર છે. આ ઉપરાંત તા.૨૬ નવેમ્બર થી તા. ૦૬ ડીસેમ્બર ૨૦૨૫ દરમિયાન એક રાષ્ટ્રીય પદયાત્રાનું આયોજન કરમસદ થી કેવડીયા વચ્ચે થનાર છે. જે આણંદ, વડોદરા, અને નર્મદા જિલ્લામાંથી પસાર થશે આ દરમિયાન રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પદયાત્રા પૂર્વે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે.

- વકતૃત્વ સ્પર્ધા
- નાટક સ્પર્ધા
- સરદારને પત્ર
- પોસ્ટર
- વાચિકમ
- સ્વચ્છતા અભિયાન
- યોગ શિબિર

વકતૃત્વ સ્પર્ધા માટે નીચે મુજબના વિષયો પર વિદ્યાર્થીઓ પોતાનું વક્તવ્ય આપે તે સુનિશ્ચિત કરવાનું રહેશે

- સરદાર: બારડોલીના ઓજસ્વી સેનાપતિ
- સરદાર: ગાંધીજીના અડીખમ સહાયક
- વિઠ્ઠલભાઈ – મણિબેન અને સરદાર
- આધુનિક ભારતના શિલ્પકાર – સરદાર

- કાશ્મીર હૈદરાબાદ અને સરદાર
- જુનાગઢ સોમનાથ અને સરદાર
- રાષ્ટ્રસેનાની, રાજકોટ, અને રાજપુરૂષ સરદાર
- સમાજ સુધારક સરદાર

આમ, ઉપર જણાવેલ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સહભાગીતા પ્રમાણપત્ર તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવાના રહેશે. શાળામાં થયેલી પ્રવૃત્તિઓના શક્ય હોઈ તેટલા ફોટોગ્રાફ્સ Sardar150.in SARDAR150.IN પોર્ટલ પર લાગુ પડતા સેક્શનમાં શાળાએ સીધા જ અપલોડ કરવાના રહેશે. ઉક્ત જણાવ્યા મુજબની તમામ પ્રવૃત્તિઓમાં મહત્તમ શાળાઓ અને વિદ્યાર્થીઓ જોડાય તે મુજબ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

(જયેશ એમ.પટેલ)
નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:</u>

- માનાનીય મંત્રીશ્રી(શિક્ષણ)નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અગ્રસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નાં અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.-૫, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર